ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૨
તા.૦૬-૦૬-૨૦૨૪ ગુરૂવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે વિવિધ કાર્યક્રમો સાથે

# અમરેલી જિલ્લામાં પર્યાવરણ દિનની ઉજવણી કરાઇ

**જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે ઉજવણી નિમિતે એડી. સેશન્સ જજશ્રી ડી. એસ. શ્રીવાસ્તવ, શ્રી એમ.જે. સૈયદ, શ્રી એન.જે.નાથી, શ્રી ડી.પી.ઓઝા, કે.એમ.વ્યાસ, કે.બી.પરમાર, શ્રી ગઢવીની ઉપસ્થિતિ**

**અમરેલીનાં ચિલ્ડ્રન હોમમાં વૃક્ષારોપણ કરાયું : સાવરકુંડલા કે. કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ટીમ ૧૦૮ દ્વારા વૃક્ષારોપણ : અમરેલી એસઓજી પોલીસ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિન ઉજવ્યો**



અમરેલી,

અમરેલી જિલ્લામાં વિવિધ સંસ્થાઓ, સરકારી કચેરીઓ દ્વારા પર્યાવરણ દિન નિમિતે વૃક્ષારોપણ સાથે ઉજવણી કરી હતી. અને વધુ વૃક્ષ વાવવા સંદેશો આપ્યો હતો.

ડીસ્ટ્રીકટ કોર્ટ, અમરેલી ખાતે તા.૦૫/૦૬/૨૪ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં શ્રી ડીસ્ટ્રીકટ જજ બુખારી તથા સચીવ શ્રી આર.વાય.ત્રિવેદીનાં માર્ગદર્શન હેઠળ વનવિભાગ અમરેલીનાં સહયોગથી ઉજવણી કરવામાં આવી હતી. સદર ઉજવણીમાં એડીશનલ સેશન્સ જજ શ્રી ડી.એસ.શ્રીવાસ્તવ, પ્રીન્સીપાલ સિનીયર સિવીલ જજ શ્રી એમ.જે.સૈયદ, ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી એન.જે.નાયી, શ્રી ડી.પી.ઓઝા, શ્રી કે.એમ.વ્યાસ, તથા સિવીલ જજ શ્રી કે.બી.પરમાર તથા શ્રી ગઢવી, તથા બાર એસોસીએશન પ્રમુખશ્રી તેમજ હોદેદારો અને એલ.એ.ડી.સી. કચેરીનાં સ્ટાફએ તથા ડીસ્ટ્રીકટ કોટ સ્ટાફ હાજર રહી વિવિધ દેશી કુલનાં છોડનું વૃક્ષારોપણ કરેલ હતુ. અને વૃક્ષોની માનવજીવન માટે અનિવાર્યતા અંગે સમજ આપી હતી. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સ્ટાફ તથા ડીસ્ટ્રીકટ કોર્ટનાં સ્ટાફએ જહેમત ઉઠાવી હતી તેમ (આર સત્રિવેદી) કુલટાઈમ સેક્રેટરી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમરેલીએ જણાવ્યું હતું.

સરકારી ચિલ્ડ્રનહોમ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ ગાંધીનગર, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા સંચાલિત સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પ્રતાપપરા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજ સુરક્ષા અધિકારીશ્રી આર.બી.ખેર તેમજ જીલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી વી.યુ.જોષી, વન વિભાગમાંથી શ્રી ચૌહાણ સહિત સંસ્થાના સ્ટાફ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

સાવરકુંડલા હોસ્પિટલમાં વૃક્ષારોપણ

ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલીત ૧૦૮ ઈમરજન્સી સેવાના અને ખીલખીલાટ ના કર્મચારીઓ દ્વારા તેમજ વન વિભાગ અને આરોગ્ય વિભાગ ના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સાવરકુંડલા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં આર.એફ.ઓ. શ્રી પ્રતાપ ચાંદુ તથા ફોરેસ્ટ ઓફિસર શ્રી લાધવા મેડમ, મકવાણા તથા અમરેલી ૧૦૮ ના જિલ્લા અધિકારી અમાનતઅલી નકવી તેમજ અન્ય ફોરેસ્ટ કર્મચારીઓ અને કેકેમહેતા સરકારી હોસ્પિટલ ના કર્મચારીઓ દ્વારા સાવરકુંડલા કે.કે. મહેતા સરકારી હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીમાં ૧૦૮ દ્વારા વૃક્ષારોપણ

અમરેલી ૧૦૮ ઈમરજન્સી ટીમ તથા ખિલખિલાટ ટીમ દ્વારા અમરેલી જિલ્લા ભર માં ૧૦૮ ના તમામ લોકેશન ઉપર વૃક્ષારોપણ કરી અને આજના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલી એસઓજી

અમરેલી એસઓજી ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબઈન્સ્પેક્ટર એન બી ભટ્ટ તથા એ એસ આઈ નાજ ભાઈ આહીર તથા એ.એસ.આઈ રફિકભાઈ રાઠોડ તથા એસઆઈ યુવરાજસિંહ સરવૈયા તથા એચસી રાઘવેન્દ્રભાઈ ધાધલ તથા એચસી મનીષદાન ગઢવી એસઓજી સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ છે.

## સરકારનાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત

# અમરેલીમાં નગરપાલિકા દ્વારા સફાઇ અભિયાન : પ્લાસ્ટિક ડ્રાઇવનો પ્રારંભ

**૧૫ જુન સુધી યોજાનાર પ્રતિબંધીત પ્લાસ્ટિક ડ્રાઇવમાં લોકોને સહયોગ આપવા અનુરોધ**



અમરેલી, સરકારશ્રી ના નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત અમરેલી શહેરમાં ૦૧/૦૬/૨૦૨૪ થી ૧૫/૦૬/૨૦૨૪ સુધી આવેલ એન્ટ્રી ગેટ, હેરીટેઝ બિલ્ડીંગ, સ્ટેચ્યુ પાર્ક ગાર્ડન, બ્રીજ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ટેકસી સ્ટેન્ડ, જાહેર રસ્તા ધાર્મિક સ્થળો, ટુરિસ્ટ પ્લેસ, શાકભાજી માર્કેટ, મોલ, સરકારી રહેણાંકો, પબ્લિક ટોઈલેટ, સ્લમ વિસ્તાર, વિગેરે સ્થળો પર સાફ-સફાઈ અભિયાન તેમજ કેમ્પેનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ખાસ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરની સંસ્થાઓં શહેરીજનો સ્વયંભુ જોડાઈને સરકારશ્રીના સ્વચ્છતા અભિયાન ને સાકાર કરવા અમરેલી નગરપાલિકા ને સહયોગ આપવા જાહેર અપીલ કરવામાં આવેલ હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ડ્રાઈવ પણ યોજવામાં આવશે. જાહેર જનતાએ પોતાનો કચરો જાહેરમાં ફેકવાના બદલે પોતાના ઘરે કે દુકાને કચરા પેટી રાખી કચરો ડોર ટુ ડોર કચરા વાહનમા કચરો નાખી સ્વચ્છતા અભિયાન ને સાર્થક બનવવા સહયોગ આપવા જણાવી નિર્મળ ગુજરાત સ્વચ્છતા પખવાડિયા 'કાર્યક્રમ અંતર્ગત આજ રોજ અમરેલી નગરપાલિકાના સેનીટેશન શાખા તેમજ ચીફ ઓફિસર દ્વારા નગરપાલિકા કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણી કરી હતી. તેમ ચીફ ઓફિસર અમરેલી નગરપાલિકા અમરેલીએ જણાવ્યું છે.

## રાજકોટ લોકસભા બેઠકની રસાકસી ભરી ચુંટણીમાં વિજય થતા આવકાર

# શ્રી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર શ્રી પીનાકી મેઘાણીએ શ્રી રૂપાલાએ આવકાર્યા

**શ્રી મેઘાણીએ સ્થાપેલ સ્મૃતિ સ્થળની મુલાકાત લેતા શ્રી પરશોતમભાઇ રૂપાલા**



અમરેલી,

રાજકોટ લોકસભા બેઠક પરથી પ્રચંડ બહુમતીથી વિજેતા સંસ્કૃતિ-સાહિત્ય-સંગીત-પ્રેમી પરષોત્તમભાઈ રૂપાલાને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. ઝવેરચંદ મેઘાણી કૃત અતિ લોકપ્રિય પુસ્તક સૌરાષ્ટ્રની રસધાર પણ સાદર અર્પણ કર્યું હતું. નેશનલ યુથ પ્રોજેક્ટના રાજેશભાઈ ભાતેલીયા પણ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. જ્યાંથી ૧૯૦૧માં ઝવેરચંદ મેઘાણીએ શાળા-શિક્ષણનો આરંભ કર્યો હતો તે સમયની ઐતિહાસિક તાલુકા શાળા અને હાલ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર ૮માં સ્થાપિત સ્મૃતિ-સ્થળની મુલાકાત પણ અગાઉ પરષોત્તમભાઈ રૂપાલાએ લીધી હતી.

### છેલ્લા પાનાનું

### બે વર્ષની સજા

બચત અને ધિરાણ સહકારી મંડળી લી. માંથી ધિરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર નીતીનભાઈ જસવંતરાય સાદરાણી રહે. અમરેલી શ્રીરંગ સોસાયટીવાળાનો ચેક રૂ/.૨,૯૬,૩૯૦ નો ધિરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા મંડળીના રીકવરી ઓફીસર અમીતભાઈ વસંતભાઈ જોશીએ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર એડવોકેટ કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ. જે કેસ કોર્ટમાં ચાલી જતા નીતીનભાઈ જસવંતરાય સાદરાણી રહે. અમરેલી શ્રીરંગ સોસાયટીવાળાને બે વર્ષની સજા અને ચેકની રકમ રૂ/.૨,૯૬,૩૯૦ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ જ તેટલી જ રકમનો દંડ કોર્ટમાં ભરવા અને દંડ ન ભરે તો વધુ ૬ માસની સજા ભોગવવા લીલીયા પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુ. મેજી. દ્વારા હુકમ કરેલ છે. આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.


### પહેલા પાનાનું

### મિલ્કતો સીલ



ઝુંબેશ અમરેલીમાં પણ યથાવત રહી હતી. અમરેલી શહેરમાં અનેક મિલ્કતો સીલ કર્યા બાદ આજે ઝુંબેશ દરમિયાન અમરેલી શહેરના ભીડભંજન મહાદેવ સામે આવેલ નારાયણ પ્લાઝા કોમ્પલેક્ષ અને અમરેલી જિલ્લા સંઘવાળા સરદાર પટેલ કોમ્પલેક્ષમાં તમામ વિભાગો તંત્રએ સીલ કર્યા હતાં. પોલીસ બંદોબસ્ત વચ્ચે ફાયર સેફટી ટીમોએ કાર્યવાહી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ નોટીસો આપ્યા છતાં ફાયર સેફટી સુવિધા નહીં રખાતા તંત્રએ આ પગલું લીધું હતું. હજુ પણ ફાયર સેફટી સુવિધા ન ધરાવનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

### મોટી કુંકાવાવનું ગૌરવ વધાર્યુ



અમરેલી, મોટી કુંકાવાવનાં વિધી અયભાઈ રવિયાએ ધો.૧૨ સાયન્સમાં ૯૭.૪૫ પીઆર મેળવી નીટમાં ૫૬૩ માર્ક સાથે ઉતિર્ણ થતા કુંકાવાવનું ગૌરવ વધાર્યુ હતું અને તેમને શુભકામનાઓ પાઠવી હતી.

# અમરેલી શ્રી શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે નર્સીંગ સ્ટાફ દ્વારા રક્તદાન કરાયું

**નર્સીંગ સ્ટાફ દ્વારા દર ત્રણ મહિને રક્તદાન કરવાના નિર્ણય બદલ આભાર વ્યક્ત કર્યો**



અમરેલી, હોસ્પિટલ અમરેલીના નર્સિંગ સ્ટાફ દ્વારા

શ્રી શાંતાબા જનરલ હોસ્પિટલની બ્લડબેંકમાં સ્વેચ્છીક રક્તદાન કરવામાં આવેલ હતું. સાથે સાથે હોસ્પિટલના તમામ નર્સિંગ સ્ટાફ વતી મિલાપભાઈ મહેતા દર્દીને જરૂર પડ્યે સ્ટાફ રક્તદાન કરવા તત્પર રહેશે તેવી ખાતરી પણ આપવામાં આવેલ હતી. નર્સીંગ સ્ટાફ દ્વારા દર ત્રણ મહિને રક્તદાન કરવાના નિર્ણય બદલ ટ્રસ્ટ વતી ભરતભાઈ ધડુક અને દિનેશભાઈ કાપડિયા એ નર્સીંગ સ્ટાફનો આભાર વ્યક્ત કરી તેમના આ નિર્ણયને આવકાર્યો હતો.

# બગસરા જેસીઝ ગ્રુપના સ્થાપક અને વાંઝાજ્ઞાતિના મૂક કાર્યકર્તા શ્રી અશોકભાઈ ભરખડાનું નિધન



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા વાંઝાજ્ઞાતિના કાનજી જૂઠા પેઢીનાં ભગવાનદાસ ગોપાલજીભાઈ ભરખડાના પુત્ર અશોકભાઈ ઉ.વ.૭૬ નું તા.૦૩/૦૬/૨૦૨૪ ને સોમવારના રોજ શ્રી ગોપાલચરણ પામેલ જે એક વાંઝાજ્ઞાતિના મૂક સેવક રહ્યા સંપૂર્ણ જીવન કોઈ નામના જમાવવાની કોઈને પણ ખબર નહી પડે એ સેવાકીય કાર્ય કરતા રહ્યા જ્યારે બગસરામાં અમુકજ મેડિકલ હતા ત્યારે તેમાંનું એક મેડિકલ અશોકભાઈ ધરાવતા જે સમયે ફક્ત સરકારી હોસ્પિટલ અને એક જ પ્રાઈવેટ હોસ્પિટલ હતી ત્યારે અડધી રાત્રે જરૂરિયાત મંદ દર્દીઓને પૈસા હોય કે નહીં હોય દવા આપવી તેમજ પહોચીના સકતા હોય તેવા દર્દીઓને મુફ્તમાં દવા આપવી જે.સી.ઝ. ગ્રુપ નામની સેવાકીય સંસ્થાને બગસરામાં લાવી લોક ઉપયોગિતા થાય અને લોકમનોરંજન માટે લોકમેળા નવરાત્રીમાં દાંડિયા રાસ સહિત લોકોને સારવાર માટે જનરલ કેમ્પો કરવા નવ યુવાનોને પ્રતિભા નિખારવા સહિત અનેક સેવાકીય કાયો કર્યો જેમાં હાલમાં ચાલી રહેલ જેસિઝ ગ્રુપ દ્વારા આંખના કેમ્પો તેમજ વાંઝાજ્ઞાતિના વિદ્યાર્થીમાટે નિશુલ્ક ચોપડા સહિત ગ્રુપ બનાવી અનેક સેવાકીય કાર્ય કરી અનંતની વાટ પકડી આજરોજ પંચ મહાભૂતમાં વિલીન થઈ ગયા હતાં.

ઇમલો વેચવાનો છે
અમરેલી જેશીંગપરા વિસ્તારમાં
૧૬૫ ફુટ X ૧૦૦ ફુટનો
ઇમલો ઉતારવાનો તથા વેચવાનો છે
જેશીંગપરા, મહેતાવાડી, અમરેલી
-:: સંપર્ક ::-
ભરતભાઇ : મો.૯૪૨૬૪ ૨૩૩૩૪

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"
ઉધઇ થી બચો
ઉધઇ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

અમરેલીમાં પ્લોટ વેચવાનો છે
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે,
અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33
ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો
પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

મકાન વેચવાનું છે
1BHK ટાઇટલ કલીયર, લોનેબલ
ફર્નિચર સાથે, ગેસ કનેકશન
પાણીની ફુલ સુવિધા સાથે
સ્થળ : જલારામનગર-૨ બંસીધર સ્કુલ પાસે, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૩૩

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા
30 માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો
ફ્રેમ સહિત માત્ર 30 મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

## અમરેલી મત વિસ્તારનાં સાંસદ શ્રી ભરતભાઇ સુતરીયાએ કાર્યકરોની મુલાકાત લીધી

# સાવરકુંડલામાં 'અટલધારા' કાર્યાલયની મુલાકાત લેતા શ્રી સુતરીયા

**નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને લાઠીના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાની વિશેષ ઉપસ્થિતિમાં ધારાસભ્ય શ્રી કસવાલા સાથે 'અટલધારા' કાર્યાલયે વૃક્ષારોપણ કર્યુ**

**'અટલધારા' કાર્યાલય ખાતે બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી સાંસદ શ્રી ભરત સુતરીયાનું સ્વાગત કર્યુ**

**નવ નિર્વાચિત સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાએ સાવરકુંડલા લીલીયા વિધાનસભા મત વિસ્તારના કાર્યકર્તાઓનો જીત બદલ આભાર માન્યો**



અમરેલી, દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના નેતૃત્વ માં જ્યારે ત્રીજી વખત ભારતીય જનતા પાર્ટી વિજેતા બની હોય જેમાં અમરેલી લોકસભામાં એક કમળ રૂપી સાસંદ ભરતભાઈ સુતરીયા જંગી લીડ સાથે વિજેતા બન્યા બાદ સૌ પ્રથમ વખત નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ની વિશેષ ઉપસ્થિતિમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા ઉપસ્થિતીમા સાવરકુંડલા તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, લીલીયા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, સાવરકુડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયત સદસ્યશ્રીઓ રાણાભાઈ રાદડિયા, લાલભાઈ મોર, પુનાભાઈ ગજેરા, શરદભાઈ ગોદાણી, એ.પી.એમ.સી ચેરમેન દિપકભાઈ માલાણી સહીત, સંગઠન હોદ્દેદારશ્રીઓ, નગરપાલિકા, તાલુકા પંચાયત સદસ્પો 'અટલધારા' કાર્યાલયે વૃક્ષારોપણ કર્યું. આ સૌ કાર્યકર્તાઓનો હોદ્દેદારશ્રીઓનો સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાએ આભાર માન્યો હતો.

## બગસરાના જુના વાઘણીયા ગામમાં

# ઝેર પી આપઘાત કરનાર મહીલાની પોસ્ટ મોર્ટમ કર્યા વગર દફનવિધિ કરી દેવાઇ

**પુત્રીનું ગળુ દબાવી હત્યા કરાયાની માતાની રજુઆતથી દફન વિધિ કરેલ મહિલાના મૃતદેહને પોલીસે બહાર કાઢી પોસ્ટ મોર્ટમ કરાવવાની પોલીસે તજવીજ હાથ ધરી**

બગસરા, (સમીર વિરાણી)

બગસરા ના જૂના વાઘણીયા ગામે એક અલગ પ્રકારની ઘટના બની હતી જેમાં એક મહિલા ને ત્રણ વ્યક્તિઓ દ્વારા મહિલાને ગળું દબાવી મારી નાખવામાં આવી હોવાની શંકા ના આધારે બગસરા પોલિસ સ્ટેશન માં ફરિયાદ કરેલ છે કે મારી દીકરી એ દવા નથી પીધી તેને ગળું દબાવી મારી નાખવામાં આવેલ છે અને તેના મૃતદેહને દફનવિધિ વગર પીએમ એ કર્યા વગર કરી દેવામાં આવેલ છે તો તેના મૃતદેહને પી એમ કરવામાં આવે કે મારી દીકરી ક્યારેય દવા ના



પીવે. તેને મારી નાખવામાં આવેલ છે

આ અંગેની વિગત એવી છે કે, કુંવરબેન પાલાભાઈ સોંદરવા દ્વારા તેમની દીકરી જ્યોત્સનાબેન મૂળજીભાઈ પરમાર ઉંમર વર્ષ ૪૨ જેવો જૂના વાઘણીયા ગામના વતની છે તેમના માતા કુંવરબેન દ્વારા પોલીસમાં જાણ કરવામાં આવી કે મારી દીકરી જ્યોત્સનાબેન તારીખ ત્રણ ના રોજ મૃત્યુ પામેલ છે જ્યારે તેમની દફનવિધિ પણ કરેલ છે પરંતુ મને શંકા છે કે મારી દીકરીને ગળું દબાવીને મારી નાખવામાં આવેલ છે જ્યારે હકીકતમાં તેમના દ્વારા કરવામાં આવેલ છે કે મારી દીકરીએ ઝેરી દવા પીને આપઘાત કરેલ છે પરંતુ તેમના પતિ મૂળજીભાઈ ભીમજીભાઈ પરમાર તેમના સંતાન પિયુષભાઈ મૂળજીભાઈ પરમાર તથા તેમના પત્ની ભાનુબેન પિયુષભાઈ પરમાર આ ત્રણેય મળી મારી દીકરી જ્યોત્સનાબેન ને ગળું દબાવી મારી નાખવામાં આવી છે તેમણે દવા પીધી નથી તેવી મને શંકા છે તેવી પોલિસ સ્ટેશન માં જાણ કરવામાં આવી છે કે મારી દીકરી ના મૃતદેહને બહાર કાઢી પીએમ કરવામાં આવે તો સાચી હકીકત બહાર આવે જ્યારે આ બાબતે બગસરા પોલિસ દ્વારા આ મૃતદેહને બહાર કાઢી પ્રથમ બગસરા ત્યાર બાદ ભાવનગર ખાતે ફોરેન્સિક માં મોકલવામાં આવેલ છે ત્યાર બાદ સાચી હકીકત બહાર આવશે તેમ પોલીસ સુત્રોએ જણાવેલ છે.

## બગસરાની ખાનગી શાળાઓની ફાયર સેફટી અંતર્ગત તપાસ

# બગસરામાં ટીપીઓ, બીઆરસી અને ટીઆરપીની ટીમ દ્વારા શાળાઓમાં ફાયર સેફટીની ચકાસણી

**તાલુકામાં તમામ ચકાસણી પૂર્ણ ન થાય ત્યાં સુધી શાળા શરૂ ન કરવા સૂચના અપાઇ**




બગસરા, (રૂપેશ રૂપારેલિયા) રાજકોટમાં બનેલી ઘટનાને પગલે બગસરા ની ખાનગી શાળાઓમાં પણ ફાયર સેફ્ટીબાબતે તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં સંપૂર્ણ ચકાસણી પૂર્ણ ન થાય ત્યાં સુધી શાળાઓ શરૂ ન કરવા પણ સૂચનાઓ આપવામાં આવી છે. બગસરા તાલુકામાં શાળાઓનું વેકેશન શરૂ થાય તે પૂર્વે ખાનગી શાળાઓમાં ફાયર સેફ્ટી ના સાધનો તેમજ હોસ્ટેલ સુવિધા ધરાવતી બિલ્ડીંગોમાં ફાયર એનઓસી સહિતની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. બગસરાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રફુલભાઈ સાવલિયા ની આગેવાની હેઠળ બી.આર.સી જગદીશભાઈ વેકરીયા તેમજ ટી.આર.પી. ઈલાબેન પટેલ, મેહુલભાઈ અઢિયા ની ટીમ દ્વારા બગસરા તાલુકાની આલ્ફા વિદ્યાલય, આદિત્ય વિદ્યાલય, આદર્શ વિદ્યાલય, નાલંદા શૈક્ષણિક સંકુલ, સ્વસ્તિક વિદ્યાલય, જ્ઞાનધારા સ્કૂલ દેસાઈ એજ્યુકેશન હડાળા, સેન્ટ મેરી સ્કૂલ સહિતની ખાનગી શાળા ની સ્થળ મુલાકાત લઈ શાળામાં રહેલ ફાયર સેફ્ટી ઈક્વિપમેન્ટ તેમજ ફાયર એનઓસીની ચકાસણી કરાઈ હતી. જે શાળાઓમાં ખામીઓ જોવા મળી તે દરેક શાળા સંચાલકોને સૂચના આપી તુરંત કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે તેમજ તમામ સાધનો યોગ્ય રીતે કાર્યરત ન થાય ત્યાં સુધી શાળા શરૂ ન કરવા પણ સુચના આપવામાં આવેલ છે.

# રાજુલાના વડગામના કાઠી સમાજનાં યુવાન શ્રી જશુભાઈ ધાખડાનું નિધન

**સમગ્ર કાઠી સમાજમાં વ્યાપી ગયેલો ઘેરો શોક**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકાના વડગામના કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણી અને તુલસીશ્યામ ના ટ્રસ્ટી કથડ મામાના પુત્ર સ્વ જશુભાઈ કથડ ભાઈ ઉર્ફે કથડ મામા ના પુત્ર જશુભાઈ નું ટૂંકી બીમારી બાદ આજે વહેલી સવારે દુઃખદ અવસાન ના સમાચાર ફેલાતા તેની અંતિમયાત્રામાં વિશાળ સંખ્યા લોકો જોડાયા હતા તેમજ જશુભાઈ ધાકડાનું મિત્ર મંડળ પણ ખૂબ જ હોવાથી અંતિમયાત્રામાં ગયું હતું કથડ બાપુ ના લોકો હુલામણા નામ શ્રી કથ ડ મામા કાઠી સમાજના આગેવાન હોવાથી કાઠી ક્ષત્રિય સમાજમાં પણ સારું એવું પ્રભુત્વ હોવાથી તેમ પરિવાર ઉપર શોકનો વ્રજ જગાત પડતા સમગ્ર કાઠી સમાજ વેપારીઓ સહિત આશ્વાસન આપવા માટે વડગામે દોડી ગયા હતા.

# દામનગરમાં હિન્દુ સોરઠીયા ધોબી સમાજ અગ્રણી શ્રી અનુભાઇ ચુડાસમાનું નિધન



અમરેલી, દામનગર હિન્દૂ સોરઠીયા ધોબી સમાજ ના અગ્રણી અનેક સેવા સંસ્થાનમાં વર્ષો સુધી નિસ્વાર્થ સેવારત સ્વ અનુભાઈ બચુભાઈ ચુડાસમા ઉ.વ.૮૦ નું દેહાંવસાન થયું છે. સમસ્ત હિન્દૂ સોરઠીયા ધોબી સમાજ માર્ગદર્શન રાહબર સાદગીભર્યુ જીવન ઉચ્ચ વિચારો માયાળુ સ્વભાવ થી બહોળો ચાહક વર્ગ ધરાવતા એ બી ચુડાસમા ની પ્રાર્થના સભા સાદડી તા. ૬/૬/૨૦૨૪, ગુરૂવારના રોજ સાંજના ૪ : ૦૦ થી ૬:૦૦ કલાકે સ્થળ પટેલ વાડી, ઢસા રોડ, દામનગર સદગત ના પુત્રરત્ન મો.૯૪૨૬૧૨૬૨૩૨ (રાજુભાઈ) ૯૭૨૩૬૯૯૪૮૬ (કાળુભાઈ) તેમજ નટુભાઈ બચુભાઈ ચુડાસમા વજુભાઈ બચુભાઈ ના મોટાભાઈ પોત્રો હાર્દિકભાઈ રાજુભાઈ ચુડાસમા થાય છે સ્વ અનુભાઈ બચુભાઈ ચુડાસમા હિન્દૂ સોરઠીયા ધોબી સમાજ ના સમૂહ લગ્નોત્સવ ના પ્રણેતા વેજનાથ મહાદેવ અન્નક્ષેત્ર સ્મશાન વિકાસ સમિતિ સહિત ની સામાજિક સેવા પ્રદાન નોંધનીય રહ્યું છે

## ભાવભરી શ્રદ્ધાંજલી



**ગૌ.વા.અશોકકુમાર ભગવાનદાસ ભરખડા (ઉ.વ.૭૬)**
**ગૌ.વા.તા.૦૩-૦૬-૨૦૨૪, સોમવાર, મુ.બગસરા**

પ્રેરણાદાયી પંચામૃત, જીવનમાં સ્નેહ સદ્ભાવ અને સંસ્કારોનો શિલાલેખ બનાવી કુટુંબ અને સમાજમાં સ્નેહલ સંબંધો દ્વારા દિવ્યતાની અખંડ જયોત જગાવી સૌ કોઈને મીઠો આવકાર આપનાર આપનો સ્નેહ નીતરતો સદાય લાગણીશીલ સ્વભાવ અમો કદી વિસરશું નહીં.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

મગનભાઇ ઉકાભાઇ લાઠીયા - બાબુભાઇ ઉકાભાઇ લાઠીયા
સંજય બાબુભાઇ લાઠીયા - ભવદીપ બાબુભાઇ લાઠીયા
દક્ષ સંજયભાઇ લાઠીયા - શિવ સંજયભાઇ લાઠીયા
શ્રી હરસિધ્ધિ સ્વીટ - બગસરા
શ્રી ગોપાલ કેટરર્સ - બગસરા
લાઠીયા પરિવાર બગસરાના જયશ્રી ગોપાલ


પાઠક સ્કૂલ-અમરેલી
બાલમંદિર થી ધો.૧૧-૧૨ (સાયન્સ/કોમર્સ)
જ્ઞાનમંજરી ઈન્સ્ટીટ્યુટ-ભાવનગર
ધો.૧૧-૧૨ (સાયન્સ, JEE/NEET/IIT) ગુજરાતી/અંગ્રેજી માધ્યમ

...પ્રવેશ કાર્ય શરૂ...

| બાલમંદિર વિભાગ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
| --- | --- | --- |
| નર્સરી તથા એલ.કે.જી. | ધોરણ | ધોરણ |
| એચ.કે.જી. | ૧ થી ૮ | ૯ અને ૧૦ |

ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધો.૧૧/૧૨ (સાયન્સ અને કોમર્સ)

અમારી સંસ્થામાં ઉપલબ્ધ સુવિધાઓ
સરકારશ્રીના FRC નિયમ મુજબ મંજુર થયેલી ફી કરતા ઓછી ફી લેવામાં આવે છે.
ડીગ્રીધારક અનુભવી શિક્ષકોની તાલીમબધ્ધ ટીમ દ્વારા શિક્ષણ.
ધો.૧૦ અને ૧૨ માં સતત ઉચ્ચતમ પરીણામોની પરંપરા.
JEE/NEET/IIT ની સંપુર્ણ તૈયારી સાથે ગુજરાતની નં.૧ શૈક્ષણિક સંસ્થા.
આધુનિક શિક્ષણ પધ્ધતિ મુજબ સ્માર્ટ વર્ગખંડમાં શિક્ષણ કાર્ય.
CCTV દ્વારા મેનેજમેન્ટનું સતત મોનીટરીંગ.
બાળકો માટે આર.ઓ. પાણીની સગવડતા.
વિકલી ટેસ્ટનું મુલ્યાંકન કરી વાલીને વોટ્સએપ દ્વારા જાણ.
પ્રાયોગિક લેબ, કોમ્પ્યુટર લેબ, ખેલ-કુદ માટે વિશાળ મેદાન.
રીવીઝન તેમજ બોર્ડ પરીક્ષાને અનુરૂપ MOCK TEST નું આયોજન.



બહાર ગામથી આવતા વિદ્યાર્થી મિત્રો માટે વાહન સુવિધા અને હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ છે
સંચાલક : ભાવેશભાઇ ભટ્ટ
મો.૯૪૨૯૩ ૪૩૦૦૫
જશોદાનગર, એસ.ટી. ડિવીઝન પાછળ, લાઠી રોડ, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૨૭૫૦, ૨૨૨૭૬૦








સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પ્લેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



હવે કોઈપણ A.C.ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ



સિમ્ફની એર કુલર
GENERAL MITSUBISHI BLUE STAR Cruise
DAIKIN VOLTAS IFB BPL
HITACHI Kelvinator LG Whirlpool
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઈલેક્ટ્રોનિક્સ
શોપ નં.૮, સુધરાઈ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક,
અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

www.avadhtimes.net
અમરેલી ૪ તા.૦૬-૦૬-૨૦૨૪ ગુરૂવાર
અવધ ટાઇમ્સ - શૈક્ષણિક વિશેષાંક





### જયાં માત્ર અર્જુનની જેમ પક્ષીની ડાબી આંખ જ દેખાય છે, તેવા અમરેલીની શિક્ષણ ક્ષેત્રે અવિરત ઉડાન

# શિક્ષણક્ષેત્રે હબ બનવા તરફ અમરેલીની ઉંચી ઉડાન

**અમરેલીમાં અદ્યતન શૈક્ષણિક સંકુલો જ નહીં, મેડિકલ કોલેજો, ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓએ પણ કાઠુ કાઢયું**

**મેટ્રો સિટીની જેમ જ તમામ અભ્યાસક્રમો અમરેલીના આંગણે ઘર બેઠા ઉપલબ્ધ હોવાથી વાલીઓને રાહત**

**અમરેલી શહેરમાં સ્થાનિક કક્ષાએ ઉચ્ચ શિક્ષણની સુવિધા હોવાથી કન્યાઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું**

**ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી સુધારા પધ્ધતિ અને આધુનિક યુગ સાથે અપડેટ વ્યવસ્થા દાદ માંગી લે તેવી**

અમરેલી, ગાયકવાડના વખતથી અમરેલીમાં ફરિજીયાત શિક્ષણ મફત શિક્ષણની પ્રણાલીએ કન્યાઓમાં પણ શિક્ષણ વધાર્યુ હતું. પરંતુ સમય સંજોગો અને સ્થિતિ મુજબ અમરેલીના શિક્ષણવિદોએ અપડેટ થયાંની સાથે શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી નિર્ણયો લીધા છે. જયાં માત્ર અર્જુનની જેમ પક્ષીની ડાબી આંખ જ દેખાય છે તેવા લીલીછમ વેલી અમરવેલીની શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચી ઉડાન બિરદાવા લાયક છે. મેટ્રો સિટીની જેમ જ અમરેલી શહેરમાં આધુનિક તમામ ફેકલટીઓના અભ્યાસક્રમો સાથે લોજીંગ બોર્ડિંગ સુવિધા પણ ઉપલબ્ધ બની છે. શિક્ષણ ક્ષેત્રે અમરેલીમાં માત્ર સંકુલો જ નહીં, મેડિકલ કોલેજ, ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓએ પણ કાઠુ કાઢયું છે. અહીં ઘરે આંગણે જ ઉચ્ચ શિક્ષણની જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ હોવાથી વાલીઓને પણ રાહત રહે છે. કારણ કે દિકરા દિકરી બહારગામ ભણવા જાય અને કાયમી ટેનશન રાખવા પડે તેમાંથી પણ મુકિત મળી છે. ઉચ્ચ શિક્ષણની ઘર આંગણે સુવિધા હોવાથી કન્યાઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. એટલું જ નહીં ઉચ્ચ શિક્ષણ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે શિક્ષણવિદોએ ક્રાંતિકારી સુધારા કર્યા છે. આધુનિક પધ્ધતિ સાથે આધુનિક યુગમાં રહેવા શિક્ષણનું અપડેટ અને તેની વ્યવસ્થા દાદ માંગી લે તેવી છે. અમરેલી હવે શિક્ષણના હબ બનવા તરફ અવિરત ઉડાન ભરી રહ્યું છે તે ગૌરવરૂપ ઘટના કહી શકાય.

---

## અમરેલીમાં શ્રીજી વિદ્યાર્થી ભુવન-શ્રી સરસ્વતી વિદ્યાલયમાં આધુનિક શિક્ષણની ઉચ્ચ સુવિધા

**ધો.૪ થી ૧૨ માટે હોસ્ટેલ, એસી સહિત માઇન્ડ પાવર, સેલ્ફ ડેવલપમેન્ટ માટેની અપાતી તાલીમ**







અમરેલી,

શ્રી સ્વામિ નારાયણ શ્રધ્ધા જયોત ટ્રસ્ટ સંચાલિત શ્રીજી વિદ્યાર્થી ભુવન અને શ્રી સરસ્વતી વિદ્યાલય અમરેલી દ્વારા આધુનિક શિક્ષણની ઉચ્ચ સુવિધા ઉપલબ્ધ છે. અહીં ટેકનોલોજી એડીડ સ્કુલ સાથે કુદરતી શાંત વાતાવરણ વચ્ચે કેમ્પસ અને સંપુર્ણ એસી સ્કુલ તથા માઈન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટિવેશનલ કાર્યક્રમો સાથે નિષ્ણાંત શિક્ષકો, પ્રાધ્યપકો દ્વારા અપાતું શિક્ષણ ખુબ જ ઉપયોગી નિવડે છે અને અહીં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સંપુર્ણ કેળવણીનું અહેસાસ થાય છે. શ્રીજી વિદ્યાર્થી ભુવનના સંચાલક શ્રી દિપકભાઈ વઘાસીયા અને શ્રી વિલાસબેન વઘાસીયા દ્વારા સંસ્થામાં સતત મોનેટરીંગ, માર્ગદર્શન અને જરૂરી મદદ મળી રહી છે.

ઘરથી દુર બીજા ઘરનો અહેસાસ અને તે પણ ઘર જેવો અહેસાસ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં થાય છે. એસટી ડિવીઝન પાસે અમરેલી ખાતે આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સમગ્ર પરિસર કેમેરાથી સજજ હોવાને કારણે વિદ્યાર્થીઓ શિક્ષકો, કર્મચારીઓ સતત પોતાની ફરજ પ્રત્યે સંપુર્ણ જવાબદારી પુર્વક કાર્યરત રહે છે. વાતાવરણની અનુકળતા રહે તે માટે એસી સ્કુલ અને તમામ વિદ્યાર્થીઓને શાળા તરફથી ગણવેશની વ્યવસ્થા છે. બાળકોના રૂમ, સફાઈ, કપડા, ધોલાઈ, ઈસ્ત્રીની પણ સુવિધા છે. પીવાનું શુધ્ધ પાણી માટે આરઓ ફેસેલીટીને જંતુમુકત પાણીનો રસોઈમાં ઉપયોગ થાય છે. મમતાળુ, હેતાળ હસમુખા રસોયા દ્વારા સ્વાદિષ્ટ ગુણવતાસભર ભોજન, ચા-નાસ્તાની સુવિધા અને ઉત્તમ સગવડ અહીં ભોજન બુફે નહીં પરંતુ ભારતીય સંસ્કૃતિ મુજબ પંગતમાં પીરસીને ભરપેટ ભોજનની વ્યવસ્થા છે. સંસ્થાની જ ગૌશાળાની ગીર ગાયોના દુધ છાસ, ઘીનો રોજીંદા ભોજનમાં ઉપયોગ થાય છે. સુવા માટે તમામને ગાદલાની સુવિધા, હવા ઉજાસવાળુ મકાન અને શાંત વિસ્તારમાં રસ્તાના કિનારે આવેલુ અદ્યતન મકાન અને ૠતુ મુજબ ગરમ ઠંડા પાણીની સ્નાનની સુવિધા અને તમામ ઉપયોગી વાસણોની વ્યવસ્થા પણ ઉપલબ્ધ છે. તેમ શ્રીજી વિદ્યાર્થી ભુવનના શ્રી દિપકભાઈ વઘાસીયા, શ્રી વિલાસબેન વઘાસીયાએ જણાવ્યું હતું.

---

### એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય

## અમરેલીમાં નિત્યમ વિદ્યા સંકુલ એટલે ઉચ્ચ શિક્ષણનો સમન્વય

**નિત્યમ વિદ્યા સંકુલમાં હાફ-ડે ફુલ-ડે શિક્ષણ સાથે સ્પોટર્સ, સ્કિલ, ફિઝીકલ ટ્રેનીંગ સહિત તમામ સુવિધા**







અમરેલી,

અમરેલીમાં ગૌરવરૂપ એવી એક શાળા છે. જયાં તમને ભણવાનું ગૌરવ થાય આ ગૌરવસમી સંસ્થા એટલે નિત્યમ વિદ્યા સંકુલ-શહેરના લાઠી રોડ, સહજ સિટી ખાતે આવેલા નિત્યમ વિદ્યા સંકુલમાં બાળમંદિરથી ધો. ૧૨ આર્ટસ, કોમર્સ અને સાયન્સ તથા ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્ર માધ્યમમાં શિક્ષણ સાથે ધો. ૫ થી ૧૨ માં બસ અને બોયઝ હોસ્ટેલની પણ સુવિધા ઉપલબ્ધ છે. આ અંગે નિત્યમ વિદ્યાસંકુલના ફાઉન્ડર ચેરમેન શ્રી હસમુખ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે અહીં હાફ-ડે સ્કુલ સવાર પાળી ૮ થી ૧ અને ફુલ-ડે સ્કુલ સવારે ૮ થી ૫-૩૦ સુધી તથા મિકસ મિડીયમ સ્કુલ ધો.૧ થી ૮ની સવાર પાળી અને જવાહર નવોદય પરીક્ષા સેન્ટર, વૈદિક પાઠશાળા, સ્કુલ ફોર એકસલન્સ, સ્પોટર્સ સ્કુલ, સ્કીલ સ્કુલ અને ફિઝીકલ ટ્રેનિંગ એકેડમી સાથે હોસ્ટેલ, લાયબ્રેરી અને કલાસીસ સહિતની આધુનિક તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે.

ભવિષ્યમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ અને બીસીએ કોલેજ સુધી શિક્ષણ મળી રહેશે.

સંસ્થા દ્વારા બોર્ડનું રિઝલ્ટ ધ્યાને લઈ શિક્ષણ ફીમાં ૯૦ ટકા સુધી માફી અપાશે. નિષ્ણાંત અનુભવી શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણ સાથે વિકલી અને ચેપ્ટરવાઈઝ ટેસ્ટ વ્યકિતગત ડાઉટ સોલ્વીંગ અને પ્રેકટિસ વર્ગ તથા મધ્યમ નબળા વિદ્યાર્થીઓ માટે અલગથી વધારાનું શિક્ષણ કાર્ય, કંપની વિઝીટ, ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ, શૈક્ષણિક ટુર, સીસીસી અને ટેલી જેવા કોર્ષમાં શિક્ષણ અને સ્ટડી મટિરીયલ અલગથી અપાશે. સ્પોકન ઈંગ્લીશ, બિઝનેસ મેનેજમેન્ટના અલગથી અભ્યાસ સીએ તથા સીએસ અને બિઝનેસ મેનેજમેન્ટ સેમિનાર સાથે અદ્યતન કોમ્પ્યુટર લેબ અને લાયબ્રેરીની સુવિધા છે. સ્માર્ટ ડિઝીટલ ફિલ્ડ એજયુકેશન વ્યવસ્થા અને સરકાર તરફથી મળવા પાત્ર તમામ શિષ્યવૃતિ અને રમત ગમતનું વિશાળ મેદાન તથા શનિ રવિમાં જી અને નીટના વર્ગ નિશુલક વર્ગો લેવાશે. જુદા જુદા નિષ્ણાંતો દ્વારા શિક્ષણ કાર્ય કરાવાશે. શાંત રમણીય અને કુદરતી વાતાવરણમાં આધુનિક શિક્ષણ સાથે જરૂરી તમામ સુવિધા ઉપલબ્ધ હોવાનું શ્રી હસમુખ પટેલે જણાવ્યું હતું.

---

" એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય..."

NITYAM VIDYA SANKUL

ધો. ૧૧-૧૨ પ્રવેશ શરૂ



હસમુખ પટેલ
ફાઉન્ડર, ચેરમેન
નિત્યમ વિદ્યા સંકુલ

**સાયન્સ**
અનુભવી મેનેજમેન્ટ અને નિષ્ણાંત શિક્ષકોની ટીમ
JEE / NEET માટે સ્પે. વ્યવસ્થા

**કોમર્સ**
CA/CPT/ICWA
જેવી પરીક્ષાની તૈયારી સાથે તમામ વિષયોનું સઘન શિક્ષણ

**દિકરાઓને** સ્કૂલ અને હોસ્ટેલ ફી માફ ૨૫ થી ૯૦ %

**આટ્ર્સ**
ધો. ૧૧-૧૨ આટ્ર્સના અભ્યાસની સાથે સાથે શરૂઆતથી જ
GPSC/UPSC પરીક્ષાની તૈયારી
જનરલ નોલેજ અને અંગ્રેજી વિષયનું સઘન શિક્ષણ

**દિકરીઓની** સ્કૂલ અને હોસ્ટેલ ફી માફ ૫૦ %

કાર્યક્ષેત્ર : બાલમંદિર થી ધો.૧૨ (આટ્ર્સ, કોમર્સ અને સાયન્સ)
(ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્રમાધ્યમ)
હોસ્ટેલ : ધો.૫ થી ૧૨) (ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ)

**સંલગ્ન સોપાનો :-** હાફ ડે સ્કૂલ - સવાર પાળી ૮:૦૦ થી ૧:૦૦, ફુલ ડે સ્કૂલ - સવારે ૮:૦૦ થી ૫:૩૦
મિક્સ મિડિયમ સ્કૂલ - ધો. ૧ થી ૮ સવાર પાળી, જવાહર નવોદય પરીક્ષા સેન્ટર - ધો.૪ થી... (ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલ સુવિધા સાથે)
વૈદિક પાઠશાળા - ધો.૧ થી ૮ સવારપાળી રેગ્યુલર સ્કૂલ - બપોર પછી વૈદિક પાઠશાળા
સ્કૂલ ફોર એક્સલન્સ - ફુલ ડે સાધારણ અને સ્લો લર્નર બાળકો માટે સ્પેશિયલ સ્કૂલ
સ્પોટ્ર્સ સ્કૂલ - ધો.૪ થી ૯ (ગર્લ્સ અને બોયઝ), સ્કીલ સ્કૂલ - વિદ્યાર્થીના રસ અને રૂચિ પ્રમાણેના વિષયનું ટ્રેનીંગ સેન્ટર
ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી - ધો.૧૨ પછી જાહેર પરીક્ષાની તૈયારી કરતા ભાઇઓ બહેનો માટે હોસ્ટેલ - લાયબ્રેરી - કલાસિસ સહીતની વ્યવસ્થા
**આટ્ર્સ, કોમર્સ, સાયન્સ અને બીસીએ કોલેજ - સુચિત**

યુવા કેળવણીકાર શ્રી હસમુખ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન સાથે સતત દેખરેખ હેઠળ કાર્યરત શૈક્ષણિક સંકુલ

બાલમંદિર થી ધો. ૧૨
બોયઝ અને ગર્લ્સ માટે
પ્રિમિયમ બોર્ડિંગ સ્કૂલ

**નિત્યમ વિદ્યા સંકુલ**
સહજ સિટી, લાઠી રોડ, અમરેલી
99254 51151, 99790 91791

---

**શિક્ષણ સાથે સંસ્કારનો શ્રેષ્ઠ સમન્વય... એટલે શ્રીજી વિદ્યાર્થી ભુવન**

શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત

**શ્રીજી વિદ્યાર્થી ભુવન**
**શ્રી સરસ્વતી વિદ્યાલય**

- ટ્રેકનોલોજી એડેડ સ્કૂલ
- સંપૂર્ણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી
- કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ

ધોરણ :- ૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા



દિપકભાઈ પી. વઘાસિયા
સંચાલકશ્રી



વિલાસબેન ડી. વઘાસિયા
સંચાલકશ્રી

સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે
શ્રીજી વિદ્યાર્થી ભુવન



એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઈ -70430 19727

## નવી સરકાર બનાવવા માટે વડાપ્રધાન મોદીએ રાજીનામું આપ્યું : ૭મીએ એનડીએની બેઠક અને ૮મીએ શપથ વિધી

# એનડીએનાં નેતા તરીકે શ્રી નરેન્દ્ર મોદીની સર્વાનુમતે વરણી



(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પરિણામો બાદ હવે સરકાર રચવાની કવાયત શરૂ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, ગઠબંધનના નેતાઓ સાતમી જૂને રાષ્ટ્રપતિ ભવન પહોંચીને સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. એક કલાક ચાલેલી આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને આપીને લોકસભા ભંગ કરવાનું સૂચન કર્યું હતું, જેનો રાષ્ટ્રપતિએ સ્વીકાર કર્યો હતો. આ પહેલા પરિણામો બાદ આજે એનડીએની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં ૧૦થી પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નવી સરકાર બનાવવા માટે વડાપ્રધાન મોદીએ રાજીનામું આપ્યું હતું, જેને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધું છે અને આ સાથે ભંગ થઈ ગઈ છે. દરમિયાન આજે વડાપ્રધાનના નિવાસસ્થાન પર એનડીએની એક કલાક સુધી બેઠક ચાલી હતી, જેમાં ૧૦થી વધુ પક્ષોના નેતાઓ હાજર હતા. આ જેડીયુના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ, આલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયનના વડા સુદેશ મહંતો, ઈન્ઢના જયંત ચૌધરી, જનસેના પાર્ટીના વડા કલ્યાણ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, એલજેપી (રામવિલાસ)ના નેતા ચિરાગ પાસવાન, અપના દૃળ (સોનેલાલ) નેતા અનુપ્રિયા પટેલ અને એચએએમ નેતા જીતનરામ માંઝી ઉપસ્થિત રહ્યા બેઠકમાં વડાપ્રધાન મોદીએ તમામ નેતાઓને કહ્યું, અભિનંદન... બધાએ સારો સંઘર્ષ કર્યો. એનડીએ હવે દેશના વિકાસ માટે કામ કરશે. અમે લોકો માટે અમારું કામ ચાલુ બિહારના

### ભારતની પ્રજાએ સતત ત્રીજી વખત સંપૂર્ણ બહુમતી સાથે મજબૂત નેતૃત્વની પસંદગી કરી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની એનડીએ સરકારની કલ્યાણકારી નીતિઓને સૌએ આવકારી

મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ અને શિવસેના (શિંદે જૂથ)એ ભાજપને પોતાનો સમર્થન પત્ર સોપ્યો છે. એનડીએની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરીને નરેન્દ્ર એનડીએના નેતા તરીકે પસંદ કરાયા છે, જેના પર ગઠબંધનના ૨૧ નેતાએ હસ્તાક્ષર કર્યા છે. આ માટે એક પ્રસ્તાવ પણ પસાર કરાયો છે, જેમાં લખાયું કે, '૨૦૨૪ ભારતના ૧૪૦ કરોડ દેશવાસીઓએ આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારની લોક કલ્યાણકારી નીતિઓને કારણે છેલ્લા ૧૦ વર્ષમાં દેશને દરેક વિકાસ કરતો જોયો છે. ખૂબ લાંબા ગાળા બાદ લગભગ છ દાયકા પછી ભારતની પ્રજાએ સતત ત્રીજી વખત સંપૂર્ણ બહુમતી સાથે મજબૂત નેતૃત્વની પસંદગી કરી આપણને બધાને ગર્વ છે કે એનડીએ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી એકજૂટ રીતે લડી અને જીતી. આપણે સર્વસંમતિથી દૃગઢ્છ નેતા નરેન્દ્ર મોદીને અમારા તરીકે પસંદ કરીએ છીએ. એનડીએનાં સાથી પક્ષના નેતા નરેન્દ્ર મોદી સાથે આજે સરકાર બનાવવાનો દાવો રજૂ કરવા માટે રાષ્ટ્રપતિને મળવા જઈ શકે છે. ભાજપના જે.પી. નડ્ડા, રાજનાથસિંહ, ચંદ્રાબાબુ નાયડુ, નીતિશ કુમાર, એકનાથ શિંદે, ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી અને પ્રફુલ્લ પટેલ રાષ્ટ્રપતિ ભવન જઈ શકે છે. તેમની જયંત ચૌધરી અને અનુપ્રિયા પટેલ પણ ઉપસ્થિત રહી શકે છે. એનડીએ સંસદીય દળની બેઠક ૭ જૂને સવારે ૧૧ વાગ્યે યોજાશે. જેમાં નરેન્દ્ર મોદી ઔપચારિક નેતા તરીકે ચૂંટાશે. ત્યાર પછી ૮ જૂને મોદી ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેઈ શકે છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપને સૌથી વધુ ૨૪૦ બેઠક મળી છે જ્યારે ૨૯૨ બેઠક મળી છે. બીજી તરફ કોંગ્રેસને ૯૯ અને ઈન્ડિયા ગઠબંધનને ૨૩૨ બેઠક મળી છે.

---

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૧૪૬-૨૦૨૪
અરજદાર : શ્રી લખમણભાઈ આતાભાઈ રામ રહે.ભેરાઈ, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી કે.બી.કામળીયા
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ભેરાઈ ગ્રામ પંચાયત, તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભેરાઈ ગામના રહીશ શ્રી લખમણભાઈ આતાભાઈ રામએ તેમના માતા નામે સ્વ.શ્રી સોનાબેન આતાભાઈ રામનું મરણ તા.૧૦-૦૫-૨૦૧૧ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા મરણ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૦૫-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૧૪૭-૨૦૨૪
અરજદાર : શ્રી હડિયા રૂડીબેન રાજાભાઈ રહે.બર્બટાણા, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી કે.બી.કામળીયા
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી બર્બટાણા ગ્રામ પંચાયત, તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના બર્બટાણા ગામના રહીશ શ્રી હડિયા રૂડીબેન રાજાભાઈએ તેમના ભત્રીજી નામે શ્રી સવિતાબેન ડાયાભાઈ હડિયાનો જન્મ તા.૦૧-૦૫-૧૯૬૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૦૫-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

---

રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા
જન્મ મરણ અરજી નં. ૧૩૫-૨૦૨૪
અરજદાર : શ્રી રાજુભાઈ શામજીભાઈ બારૈયા રહે.ખેરા, તા.રાજુલા
અરજદારના વિ.વ.શ્રી કે.બી.કામળીયા
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી ખેરા ગ્રામ પંચાયત, તા.રાજુલા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના રહીશ શ્રી રાજુભાઈ શામજીભાઈ બારૈયાએ તેમના પુત્ર નામે શ્રી કિશનભાઈ રાજુભાઈ બારૈયાનો જન્મ તા.૨૭-૦૬-૨૦૦૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ કે.બી.કામળીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૦૫-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

---


જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી શોર્ટસ બરમુડા | જીન્સ નાઈટવેર સેન્ડો ટી-શર્ટ | કોટન ટ્રેકપેન્ટ કોલર પોકેટ - ટી શર્ટ ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુચો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ — ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC — પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારો શુભ
Hero GIFT Grand Indian Festival of Trust





Navnit Hero ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાવર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૮૯૯૯ ૨૨૨૪૫ navnit@heromotocorp.biz



એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ 11-12 કોમર્સ (ગુજરાતી માધ્યમ)
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-11 કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી કોમર્સ સ્કૂલ
ધોરણ 12 કોમર્સ (વર્ષ 2024) સામાન્ય પ્રવાહ નું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66 પાસ થયેલ વિદ્યાર્થી :-57 સંસ્થા નું પરીણામ :-86.36%
95 PR UP :- 07 વિદ્યાર્થી 90 PR UP :- 10 વિદ્યાર્થી 75 PR UP :- 21 વિદ્યાર્થી
A1 ગ્રેડ 50% ફી માફી
A2 ગ્રેડ :- 10 B2 ગ્રેડ :- 13 B1 ગ્રેડ :- 16
ધો.10 P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.10 P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર PR | 25% |
| 90 થી 95 PR સુધી | 20% |
| 85 થી 90 PR સુધી | 15% |
| 65 થી 85 PR સુધી | 10% |
| 50 થી 65 PR સુધી | 05% |

શુ કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
→ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
→ ધોરણ 11/12 માં દરેક વિષયનું 900 માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
→ છેલ્લા 16 વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઇલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૬૬ ૩૪૪૨૬ - ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણનગર, અમરેલી



એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
• SI • ફાયર સેફટી • ANM • GNM • BSC • PBSC • D.PHARM
SC ST વિદ્યાર્થી ને સ્કોલરશીપ
ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્જવળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
૭૦૪૩૮ ૧૯૯૫૬
lakshyaeducationamreli@gmail.com
https://lakshyaeducation.org.in/
LAKSHYA EDUCATION
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ



MARUTI SUZUKI ARENA BREZZA
WICKEDLY POWERFUL





Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી



શુભ-મંગલને વધાવે, "મધુવન" હર નારીને દીપાવે!





MGA મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 : 94264 23006
madhuvan gold art madhuvangold.in



શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
• અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
• ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
• તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
• વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
• અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
• કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
• ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
• ઇમ્પોટેર્ડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા





આ છે અહીંની વિશેષતાઓ...
• વિક્ટ્રીફાઇ ટાઇલ્સ • સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
• સ્ટાન્ડર્ડ બારી દરવાજા • મેઇન ગેટે સિક્યુરીટી
• ગ્રેનાઇટ પ્લેટફોર્મ • ૨૪ કલાક જનરેટરની સુવિધા
• આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
• સ્ટીલ ગ્રેલીંગ • આર.સી.સી. રોડ
• સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

